



# ખારીયા પાસે નર્મદા મુખ્ય કેનાલમાં ગાબડુ પડતા હજારો ક્યુસેક પાણી નદીમા વહી ગયુ

કાંકરેજ તાલુકાના ખારીયા પાસે બની રહેલા સાઈફનના ડાયવર્જન ઉપર અચાનક રાત્રેના સમયે ગાબડુ પડતા ખારીયા નદીમા મોટા પ્રમાણમાં પાણી ખારીયાની નદીમા વહેવા લાગ્યુ હતુ. અંદાજે હજારો ક્યુસેક પાણી નદીમા વહી ગયુ છે. આજ રોજ રાત્રેના સમયે અચાનક નર્મદા મુખ્ય કેનલ ઉપર હાલમા જ્યા નવીન સાઈફનનુ કામ ચાલી રહ્યુ છે ત્યા રાત્રેના સમયે ગાબડુ પડ્યુ હતુ અને હજારો ક્યુસેક પાણી નદીમા વહેવા લાગ્યુ હતુ. ગાબડુ અંદાજે પચાસ મીટર આજુબાજુનુ થયુ હતુ. જ્યારે ગામ લોકોને વહેલી સવારે જાણ થતા લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા તેમજ આપણી ચેનલના બ્રેકીગ ન્યુઝ ચાલતા તંત્ર હરકતમા આવ્યુ હતુ અને તાબડતોબ નર્મદાના અધીકારીઓ અને સ્થાનીક તંત્ર દોડતુ થયુ હતુ. આ પાણીએ ખારીયા અને આજુબાજુના ગામ લોકોને ૨૦૧૭મા આવેલા પુરને તાજુ કરાવ્યુ હતુ. એક બાજુ સાઈફનનુ કામ ચાલુ છે ત્યા કેનાલના ડાયવર્જન પર કેનાલનુ ગાબડુ પડતા સાઈફનનુ કામ કરનાર કોન્ટ્રક્ટરની અને નર્મદાના અધિકારીઓની બેદરકારી સામે આવી હતી. જ્યારે મીડીયામાં આવતા તંત્રએ તાત્કાલિક કામ ચાલુ કરાવી ગાબડુ પુરવા માટે કામ ચાલુ કરાવ્યુ હતુ. ગાબડા વિશે સાઈફન પર ચાલતા કામના કોન્ટરકટર રવી પટેલને પુછતા મીડિયા સામે આવવાનો ઈન્કાર કરી દીધો હતો. વારંવાર આ નર્મદા કેનલ પર પડતા ગાબડામાં કોન્ટ્રાકટર અને અધિકારીઓની બેદરકારીઓના લીધે પાણીનો વેડફાટ જોવા મળે છે. એક બાજુ બનાસકાંઠાના અનેક વિસ્તારોને દુસ્કાળગ્રસ્ત જાહેર કરવામા આવ્યા છે અને બીજી બાજુ આવી રીતે ગાબડાઓ પડીને હજારો લાખો લીટર પાણીનો બગાડ જોવા મળી રહ્યો છે. એક બાજુ નર્મદાના અધિકારીઓ દ્વારા ખેડુતો કેનાલમાંથી પણી લે તો ચોરી કરે છે તેવુ કહીને ખેડૂતોના ટોટા કાપવામા આવે છે. તો આજે તો નર્મદા નહેરના અધિકારીની બેદરકારી સામે આવી છે તો શુ ? આવા અધિકારીઓ અને કોન્ટ્રાકટર સામે પગલા લેવાશે ? કે પછી ખેડૂતોને ભોગવવાનુ આ એક મોટો પ્રશ્ન છે ? તો બીજી બાજુ ખારીયા વિસ્તારના ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ગાબડુ પડતા નદીમા પાણી આવવાથી પાણીના તર ઉપર આવ છે અને શિયાળુ ખેતી સારી કરી શકે છે તેવુ ગામ લોકોમાં ચર્ચા જોવા મળી હતી.

# મહેસાણા જિલ્લાની શ્વેતક્રાંતિ માનસિંહભાઈ પટેલને આભારી છે

(પ્રતિનિધિ દ્વારા)

મહેસાણા, તા. ૧૬

મહેસાણાની દૂધસાગર ડેરીએ સમગ્ર મહેસાણા જિલ્લામાં શ્વેતક્રાંતિ આણી છે. દૂધસાગર ડેરીના સંસ્થાપક માનસિંહભાઈ પટેલની દૂરંદેશીના પરિણામે આજે જિલ્લાના પશુપાલકો સારી એવી આવક મેળવી રહ્યા છે.



મહેસાણાની દૂધસાગર ડેરી માનસિંહભાઈ પટેલની દૂરંદેશી સાહસ અને કાર્યદક્ષતાનો શ્રેષ્ઠ નમૂનો છે. તેઓએ લોકોને પશુપાલન વ્યવસાય તરફ જાગૃત કરી જિલ્લામાં શ્વેતકારંતિના બીજ વાવ્યા હતા. ડેરીનો આરંભ ૧૧ મંડળીઓ અને ૩૨૦૦ લીટર દૂધથી થયો હતો. આજે મંડળીઓની સંખ્યા ૧૨૩૮ સુધી પહોંચી છે. જ્યારે દૂધની આવક ૧૮.૦૬ લાખ કિલોગ્રામ સુધી પહોંચી છે.

આરંભના વર્ષમાં દૂધસાગર ડેરીનું ટર્નઓવર રૂ. ૬.૫ લાખ હતુ જે આજે વધીને રૂ. ૧૭૫૦ કરોડ સુધી પહોંચી ગયુ છે. માનસિંહભાઈના અવસાન બાદ ડેરીને આગળ ધપાવવાનું કામ મોતીભાઈ ચૌધરીએ ઉપાડી લીધુ હતુ. ગાંધીવાદી મોતીભાઈ ચૌધરીએ દિવસ રાત એક કરી ડેરીની સિદ્ધિઓને દૂરસુદૂર સુધી પહોંચાડી તેઓના અવસાન બાદ દૂધસાગર ડેરીના વિકાસને આગળ ધપાવવાનું કામ સ્વ. માનસિંહભાઈના પુત્ર વિપુલભાઈ કરી રહ્યા છે. દૂધસાગર ડેરીના હાલના અધ્યક્ષ આશાબેન ઠાકોર પણ સ્વ. માનસિંહભાઈએ કંડારેલી કેડી પર આગળ ચાલી ડેરી અને પશુપાલકોના હિતમાં સાચા અર્થમાં પુરુષાર્થ કરી રહ્યા છે.



## મોડાસામાં યોજાનાર ૫૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞ પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારીઓ અંતિમ તબક્કામાં

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે આકાર પામી રહેલું ગાયત્રી ચેતના કેન્દ્રને લઈ તડામાર તૈયારીઓની અંતિમ તબક્કામાં થઈ રહી છે. માલપુર રોડ ખાતે નવનિર્મિત ગાયત્રી ચેતના કેન્દ્રના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ માટે અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના વડા મથક શાંતિકુંજથી દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના પ્રતિ કુલપતિ ડૉક્ટર ચિન્મય પંડ્યાજીના નેતૃત્વમાં ૯ સદસ્ય દલ આ પ્રતિષ્ઠાને કરાવવા આવી રહ્યા છે. આ પ્રતિષ્ઠા આયોજનમાં ૫૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞ તડામાર તૈયારીઓ યજ્ઞશાળા ખાતે થઈ રહી છે. ગાયત્રી પરિવાર દ્વારા અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું કે મોડાસાની આસપાસના ગામોમાંથી તથા શહેરના વિવિધ સોસાયટીઓ, શહેરવાસીઓ મોટી સંખ્યામાં આગામી ૨૩ તારીખે શોભાયાત્રામાં જોડાશે. શોભાયાત્રા બાદ રાત્રે વિરાટ સંગીત પ્રવચન તથા ૨૪ તથા ૨૫ તારીખે ૫૧ કુંડી યજ્ઞની સાથે તા.૨૪ સાંજે વિરાટ દીપ યજ્ઞ સંપન્ન થશે. આ માટે પરિજન-સ્વયં સેવકો દ્વારા યજ્ઞશાળામાં સ્વનિર્મિત યજ્ઞ કુંડ બનાવવાનું કાર્ય ચાલી રહ્યું છે.

# બેરણાના જવાનનું હાર્ટએટેકથી મોત

## જવાન દિલ્હી બટાલીયન નં. ૭૦માં ફરજ બજાવતા હતા : દિલ્હીથી ટપાલ લઈને ગાંધીનગર આવ્યા હતા

હિંમતનગર, તા. ૧૬

દિલ્હી સ્થિત સીઆરપી એફ બટાલીયન નં. ૭૦માં ફરજ બજાવતા અને હિંમતનગર તાલુકાના બેરણા ગામના યુવાનનું ગાંધીનગર ખાતે દિલ્હીના ચંડીગઢથી ટપાલ લઈને આપવા માટે આવ્યા હતા. ત્યારે મંગળવારે રાત્રે અચાનક તેમને હાર્ટએટેક આવતા મોત નિપજ્યુ હતુ. ત્યારબાદ તેમના નશ્વર દેહને બુધવારે બેરણા ગામે લવાયા બાદ ગાર્ડ ઓફ ઓનર આપી અંતિમ ક્રિયા કરાઈ હતી.

આ અંગે આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ બેરણા ગામના ખેતાભાઈ ટપુભાઈ ભરવાડ ઉં.વ. ૪૦ છેલ્લા કેટલાક સમયથી દિલ્હીની સીઆરપીએફની બટાલીયન નં. ૭૦માં દિલ્હી ખાતે ફરજ બજાવતા હતા. દરમ્યાન સરકારી કામ અર્થે તેઓ મંગળવારે ગાંધીનગર સ્થિત સંલગ્ન કચેરીમાં જરૂરી ટપાલ લઈને આવ્યા હતા. ટપાલ આપ્યા બાદ તેઓ પરીવારને મળવા માટે બેરણા ગામે આવ્યા હતા. જ્યાંથી ગાંધીનગર પરત જતા રહ્યા હતા અને ગાંધીનગર સ્થિત પોતાના સરકારી ક્વાટર્સમાં રોકાયા હતા જ્યાં સાંજે અચાનક છાતીમાં દુખાવો ઉપડ્યો હોવાની ફરીયાદ કરતા તેમને તરત જ અમદાવાદની એપોલો હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. પરંતુ સારવાર કારગત ન નિવડતા તેમનું મોત નિપજ્યું હતું.

જે અંગે દિલ્હી સ્થિત ખેતાભાઈ ભરવાડની કચેરીને જાણ કરાઈ હતી. બીજી તરફ આ અંગે હિંમતનગર તાલુકાના બેરણા ગામે તેમના પરીવારજનો અને સ્નેહીજનોને ખબર પડતા શોકની કાલીમા છવાઈ ગઈ હતી.



હાલ ગુજરાતમાં રાજ્ય સરકાર દ્વારા એકતા યાત્રા યોજાઈ રહી છે ત્યારે બનાસકાંઠાના અંતરિયાળ વિસ્તારોમાં દલિતો સાથે દાખવાતા ભેદભાવ વચ્ચે ડીસા તાલુકાના વિઠોદર ગામે આજે મામલતદારે દલિતોને મંદિર પ્રવેશ કરાવી સામાજિક સમરસતાની પ્રતીતિ કરાવી હતી.ડીસા તાલુકાના વિઠોદર ગામમાં આવેલા આગ માતાના મંદિરના મહંતે તાજેતરમાં જ દલિત સમાજના લોકોને મંદિરમાં પ્રવેશતા અટકાવ્યા હતા.આ મામલે ઉહાપોહ સર્જાયો હતો અને આ બનાવ સંદર્ભે ડીસા તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ પણ નોંધાઈ હતી. જોકે ગામમાં ભાઈચારો અને કોમી એકતા જળવાઇ રહે તે માટે આજે ડીસાના મામલતદારે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે દલિતોને મંદિરમાં પ્રવેશ કરાવી સામાજિક સમરસતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. વિઠોદર ગામના આગ માતાના મંદિરમાં આજે ગામ લોકો અને દલિત સમાજના આગેવાનોની હાજરીમાં માતાજીના જયનાદ વચ્ચે દલિતોને મંદિરમાં પ્રવેશ કરાવાયો હતો.

# હિંમતનગર સ્ટેડીયમમાં રાજ્યકક્ષાની મહિલા એથ્લેટિક સ્પર્ધાનો પ્રારંભ

હિંમતનગર, તા. ૧૬

હિંમતનગરના ભોલેશ્વર સ્થિત સાબર સ્ટેડીયમ ખાતે મંગળવારથી સાત દિવસ માટે રાજ્યકક્ષાની મહીલા એથ્લેટિકનો પ્રારંભ થયો છે. ત્યારે તેમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી અંદાજે ૨ હજાર મહીલા ખેલાડીઓ ભાગ લેવા માટે હિંમતનગરના આંગણે આવ્યા છે. આ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર ખેલાડી આંતરરાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે હક્કદાર બનશે.

આ અંગે જિલ્લા રમતગમત અધિકારી આશાબેન પટેલના જણાવાયા મુજબ હિંમતનગરના સાબર સ્ટેડીયમમાં રાજ્યના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા તથા સ્પોર્ટસ ઓથોરીટી ગુજરાતના સહયોગથી રાજ્યકક્ષાની મહીલા એથ્લેટીકનું આયોજન કરાયું છે. ત્યારે મંગળવારે તેનો પ્રારંભ કરાયો હતો. જેમાં રાજ્યના વિવિધ સ્થળે આવેલી મહીલા ખેલાડીઓ દોડ, ચક્રફેક, બરછીફેંક, ગોળાફેંક, લાંબો કૂદકો અને બેટન દોડમાં ભાગ લેશે.

# પ્રાંતિજના પલ્લાચર ખાતે સરકારી જમીન પર ગેરકાયદેસર બાંધકામ મામલે ચાર સામે ફરિયાદ

## પંચાયતના ડેપ્યુટી સરપંચ, સભ્ય સહિત અન્ય બે સામે પોલીસ ફરીયાદ મહિલા સરપંચ દ્વારા ગેરકાયદેસર બાંધકામ અટકાવવા જતા બીભસ્ત ગાળો બોલી મહિલા સરપંચના પતિને માર મારતા પોલીસ ફરીયાદ

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના પલ્લાચર ખાતે સરકારી જમીન ઉપર ગેરકાયદેસર બાંધકામને લઈને મહિલા સરપંચ તથા સરપંચના પતિ દ્વારા રોકતા આરોપીઓ દ્વારા મહિલા સરપંચને ગાળો બોલી તેના પતિને નીચે પાડી લાતોનો માર મારતા ડેપ્યુટી સરપંચ, સભ્ય સહિત ચાર વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઈ હતી.

પ્રાંતિજના પલ્લાચર ગામે ગ્રામપંચાયતની માલિકીની સરકારી જમીન ઉપર ગેર કાયદેસર બાંધકામને લઈને મહિલા સરપંચ પટેલ મંજુલાબેન તથા તેમના પતિ કાન્તીભાઈ મુળજીભાઈ પટેલ દ્વારા પંચાયતની જમીન ઉપર થઈ રહેલ ગેરકાયદેસર બાંધકામ રોકવા જતાં અને પંચાયતની મંજુરી મેળવવાની વાત કરવા જતાં આરોપી જીતેન્દ્રકુમાર પશાભાઈ પટેલ તથા આરોપી અરપીતભાઈ રમેશભાઈ પટેલ દ્વારા મા બહેન સામે ગાળો બોલતા લાગેલા તો જીતેન્દ્રભાઈ દ્વારા ટેલીફોન કરી પંચાયત સભ્ય પ્રકાશભાઈ ડાહ્યાભાઈ પટેલ તથા ડેપ્યુટી સરપંચ નિખીલભાઈ મીઠાભાઈ પટેલને બોલાવી દેતા બન્ને જણા સ્થળ ઉપર આવી કહેવા લાગ્યા કે હું ડેપ્યુટી સરપંચ છું અને તારો ભાઈ પંચાયત સભ્ય છે તારે કોઈની પરવાનગી લેવાની જરૂર નથી અને તમે ડરી જશો તો કઈ નહી થાય સરપંચ હોય તો તેના ઘરે તેવું કહેતા જીતેન્દ્રભાઈ તથા અરપીતભાઈ ઉશ્કેરાઈ જઈ બીભત્સ ગાળો બોલતાં મહિલા સરપંચ તથા સરપંચના પતિ દ્વારા ગાળો બોલવાની ના પાડતાં ચારેય જણાએ ઉશ્કેરાઈ જઈને મારા પતિ ઉપર હુમલો કરી જમીન ભેગા કરી તેમને લાતો વડે માર મારતાં જાનથી મારી નાંખવાની ધમકી આપતાં મહિલા સરપંચ દ્વારા ડેપ્યુટી સરપંચ, પંચાયત સભ્ય સહિત અન્ય બે એમ ચાર વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬, (૨)૧૧૪ મુજબ ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોડાસા ખાતે પ્રેસ ડેની ઉજવણી કરાઈ

મોડાસા, તા. ૧૬

ગુજરાત રાજ્ય પ્રેસ અકાદમી, ગાંધીનગર અને જિલ્લા માહિતી કચેરી, અરવલ્લી જિલ્લાના સંયુક્ત ઉપક્રમે આજે પ્રેસ ડે ની ઉજવણી કરવામાં આવી હતી.

પ્રેસ ડેની ઉજવણી નિમિત્તે



હની હોલ ખાતે યોજાયેલ પરીસંવાદમાં અરવલ્લી જિલ્લાના ઉત્સાહી અને કર્મઠ જિલ્લા કલેકટર એમ નાગરાજન જિલ્લા પોલીસ વડા મયુર પાટીલ, કોલમિસ્ટ સંતોષ દેવકર, માહિતી અધિકારી કનુભાઈ પરમાર, પત્રકાર પ્રેસ પરિષદ ગુજરાતના પ્રભારી મહેન્દ્રપ્રસાદ, પત્રકાર દિલીપ સોની, બકોર પટેલ કાર્યક્રમને દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુક્યો અને ×પત્રકારત્વનના નીતિશાસ્ત્ર અને ડીજીટલ યુગના પડકારો× વિષય પર વાત કરતા જણાવ્યું હતું કે, દરેક વ્યવસાયની એક નીતિમત્તા હોય છે. વ્યવસાયની સાથે પોતાની નીતિ પણ જોડાયેલ છે. ડીજીટલ યુગના પ્લેટફોર્મના ઉપયોગ સાથે મીડીયા જગતમાં હરીફાઇ પણ વધી રહી છે. સમાચારોની હરીફાઇ સાથે ફેક ન્યૂઝનું પ્રમાણ પણ એટલી સંખ્યામાં વધી રહ્યુ છે. આજના બદલાતા સમયમાં ડિજીટલ મિડીયાનો વ્યાપ વધી રહ્યો છે. જે સામાન્ય જન માટે ફાયદાકાર તો છે તેની સામે પડકાર પર એટલા જ છે. જેથી સમાચારની સત્યતા જાળવવી એટલી જ કપરી બની રહી છે. જેથી ડીજીટલ યુગમાં પોતાનું મહત્વ સાબિત કરવા વિશ્વનીયતા સૌથી અગત્યની છે. અને તેનો વિવેકસભર ઉપયોગ થાય તે જરૂરી છે.

વધુમાં તેમણે ઉમેર્યુ હતું કે, ડીજીટલ યુગમાં તક ઘણી ઉપલબ્ધ છે પરંતુ તેની સાથે પોતાની જાતને તૈયાર કરવી ખૂબ જરૂરી હોવાનું તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે ડીજીટલ સાક્ષરતાની વાત કરતા જણાવ્યું હતું કે, આજની જનરેશન મોટાભાગે ડિજીટલ સાહિત્ય પર નિર્ભર છે જેથી મીડીયાના મિત્રોએ પણ આની સાથે કદમ મિલાવવો જરૂરી છે.

પરીસંવાદમાં માહિતી અધિકારી સ્વાગત પ્રવચન કરી ઉપસ્થિત મીડીયાના મિત્રોને સ્વાગત આવકાર આપી મહેમાનનો પરીચય કરાવ્યો હતો.

કાર્યક્રમમાં પ્રિન્ટ, ઈલેકટ્રોનિક અને વરિષ્ઠ પત્રકાર ઉપસ્થિત રહ્યા હતા. અરવલ્લી જિલ્લા પોલીસ વડા તેમજ જિલ્લા કલેકટર એમ નાગરાજને ખૂબ ઉપયોગી માહિતી પૂરી પાડી પ્રશાસન અને મીડિયા કદમ સે કદમ મિલાવી વિકાસમાં સહભાગી થવું જોઈએ.

આ પ્રસંગે માલપુર, મેઘરજ, બાયડ, ભિલોડા, ધનસુરા અને મોડાસાના પ્રિન્ટ અને ઈલેકટ્રોનિકસ મીડિયાના પત્રકારોએ હાજર રહ્યા હતા. આ પ્રસંગે પત્રકાર પ્રેસ પરિષદ ગુજરાતના પ્રભારી મહેન્દ્રપ્રસાદે જિલ્લાના પત્રકારો માટે પ્રેસ કોલોની અને મીડિયા હાઉસ માટે સરકાર દ્વારા ઉભું કરી મીડિયાના મિત્રો માટે ખૂબ ઉપયોગી થવાની વિચાર મુક્યો હતો. ત્યારે અરવલ્લી જિલ્લા કલેકટર એમ નાગરાજન દ્વારા પત્રકારોને હૈયાધારણ આપી હતી અને સરકારના નીતિ નિયમો મુજબ કાર્યવાહીની વાત કરી હતી. ઉપસ્થિત પત્રકારોના એક સુર થઈ વધાવી લીધો હતો.

# અરવલ્લીમાં ફરજ પરના ૨૭ના મામલતદાર, ૧૩ ક્લાર્ક, ૩૯ પોલીસ કોન્સ્ટેબલની આંતરિક બદલી

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લામાં વહીવટી કારણોસર બદલીઓ કરવામાં આવી છે જેને લઈ અધિકારી અને કર્મચારી માટે ચર્ચાનો વિષય બન્યો હતો,વહીવટી કાર્યમા વચેટીયા રાખી ભ્રષ્ટાચાર કરતા સરકારી બાબુઓ સને એજન્ટો માં સોપો પડી ગયો હતો,એકજ દિવસમાં ૭૯ જેટલા કર્મચારીઓની આંતરિક બદલીના આદેશ કારવામાં આવ્યા હતા.

જેમાં જિલ્લા કલેકટર એમ.નગરાજને ૨૭ નાયબ મામલતદાર અને ૧૩ કલાર્કની બદલી ના આદેશ કર્યા હતા,અને જિલ્લા પોલીસ વડા મયુર પાટીલે ૩૯ પોલીસ કોસ્ટેબલની વહીવટી કારણો સર બદલીના આદેશ કર્યા હતા.

નૂતન વર્ષાભિનંદન

મહેસાણા જિલ્લા પંચાયત

સામુહિક, સાર્વત્રિક, સાતત્યપૂર્ણ સર્વાંગી વિકાસ

મહેસાણા જિલ્લાના તમામ નાગરિકોને

જિલ્લા પંચાયત મહેસાણાની દિવાળીની હાર્દિક શુભકામના..

સામાન્ય અને છેવાડાના નાગરિકોની આરોગ્ય વિષયક, ખેતી વિષયક, પોષણક્ષમ આહાર, શૈક્ષણિક બાબતો, રોડ રસ્તા, સિંચાઈ, પંચાયત, વિકાસ, સમાજ કલ્યાણ, પશુપાલન અંગે સર્વાંગી વિકાસને લગતી પાયાની જરૂરિયાત માટે જિલ્લા પંચાયતના તમામ કર્મચારી/ પદાધિકારીઓ સતત કર્મશીલતાથી કટિબધ્ધતાની બાંહેધરી આપે છે.